# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા

કૃષિ હવામાનશાસ્ત્ર સેલ

કૃષિ ઈજનેરી વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત

ઇ-મેઈલ:- aasnavsari@gmail.com

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ


**(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)**

## જારી કરવાની તારીખ: ૦૭/૧૦/૨૦૨૫

## કૃષિ હવામાન બુલેટીન નં : ૫૫/૨૦૨૫ – ૨૦૨૬

## -- નવસારી જિલ્લો --

**પાછળનાં સમયનું હવામાન (તા. ૦૩ ઓક્ટોબર થી ૦૭ ઓક્ટોબર – ૨૦૨૫)**

| અનું. નં. | હવામાન પરિબળો | Value |
|---|---|---|
| ૧. | વરસાદની શ્રેણી (મી.મી.) | ૦.૦-૧૯.૦ |
| ૨. | મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૩૦.૫-૩૧.૮ |
| ૩. | લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૨૪.૦-૨૪.૭ |
| ૪. | ભેજની શ્રેણી (%) | ૬૮-૯૯ |
| ૫. | પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક) | ૨.૬-૪.૨ |
| ૬. | વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા) | ૨-૭ |
| ૭. | સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક) | ૨.૭-૮.૮ |
| ૮. | પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.) | ૧૯.૦ |
| | **કુલ વરસાદ** | **૧૯૩૮.૦** |

**આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા. ૦૮ ઓક્ટોબર થી ૧૨ ઓક્ટોબર - ૨૦૨૫)**

| અનું. નં. | હવામાન પરિબળો | દિવસ-૧ (૦૮/૧૦) | દિવસ-૨ (૦૯/૧૦) | દિવસ-૩ (૧૦/૧૦) | દિવસ-૪ (૧૧/૧૦) | દિવસ-૫ (૧૨/૧૦) |
|---|---|---|---|---|---|---|
| ૧. | વરસાદ (મી.મી.) | ૪૫ | ૨૦ | ૧૨ | ૮ | ૬ |
| ૨. | મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૪ |
| ૩. | લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૪ | ૨૫ |
| ૪. | મહત્તમ ભેજ (%) | ૯૦ | ૯૦ | ૮૦ | ૭૦ | ૬૦ |
| ૫. | લઘુત્તમ ભેજ (%) | ૭૫ | ૭૫ | ૭૦ | ૭૦ | ૬૫ |
| ૬. | પવનની ગતિ (કિ.મી./કલાક) | ૬ | ૧ | ૩ | ૫ | ૮ |
| ૭. | પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૧૯૧ | ૧૬૨ | ૮૪ | ૬૭ | ૭૩ |
| ૮. | વાદળની સ્થિતિ (ઓકટા) | ૭ | ૬ | ૫ | ૫ | ૫ |

**વિસ્તૃત શ્રેણીની આગાહી મુજબ, ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સામાન્યથી નીચે વરસાદ થવાની ધારણા છે અને મહત્તમ તાપમાન સામાન્યથી નીચે અને લઘુત્તમ તાપમાન સામાન્ય રહેવાની ધારણા છે.**

| | |
|---|---|
| **હવામાન સારાંશ / ચેતવણી** | • આઈ. એમ. ડી., દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશમાં વાદળછાયું રહેશે અને છૂટાછવાયા જગ્યાઓમાં હળવાથી મધ્યમ વરસાદ આવવાની સંભાવના છે.<br>• મહત્તમ તાપમાન ૩૧ સે. થી ૩૪ સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪ સે. થી ૨૫ સે. આસપાસ હોવાની સંભાવના છે.<br>• હવામાં ભેજનું પ્રમાણ ૬૫ થી ૯૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.<br>• પવનની દિશા દક્ષિણ-પૂર્વ રહેશે જેની સરેરાશ ગતિ ૧ થી ૮ કિ.મી./કલાક રહેવાની શકયતા છે. |

# -:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::-

| | |
|---|---|
| **સામાન્ય સલાહ** | • ખેડુતોને ખેતરની વિવિધ પ્રવૃતિઓ હવામાનની સ્થિતિ મુજબ કરવાની સલાહ આપવામાં આવે છે.<br>• ખેડુતોએ ખાતર આપવાની અને દવાનો છંટકાવ કરવાની કામગિરી હવામાનની સ્થિતિ મુજબ કરવાની સલાહ આપવામાં આવે છે.<br>• વધુ ઝડપી પવન અને ભારે વરસાદની સામે રક્ષણ માટે ઊભા બાગાયતી અને શાકભાજી પાકોની જાળવણી માટે લાકડાના અથવા વાંસ વડે યાંત્રિક ટેકા આપવો.<br>• કૃષિ હવામાન સલાહકારી બુલેટીંન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઇલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો:<br>એન્ડ્રોઈડ યુઝર્સ:https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/in/app/meghdoot/id1474048155<br>• દામિની મોબાઈલ એપ્લીકેશનદ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવે છે. આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે. દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:<br>https://play.google.com/store/apps/details?id=com.lightening.live.damini<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/app/id1502385645 |
| **પાક** | **હવામાન આધારિત કૃષિ સલાહ** |
| **શેરડી** | • શેરડીની રોપણી માટે બીજ પ્લોટ બનાવેલ હોય તો બીજ માટે શેરડી કાપવાની હોય તેના એક માસ પહેલા ૫૦ કિગ્રા / હે. નાઈટ્રોજન ખાતર આપવું.<br>**નવી રોપણી માટે જમીન તૈયારી:**<br>• શેરડીની નવી રોપણી માટે યોગ્ય ભેજની પરિસ્થિતિમાં જમીન તૈયાર કરવી.<br>• શેરડીની રોપણી ઓક્ટોબર-ફેબ્રુઆરી માસ દરમ્યાન કરવી.<br>• ખેડ વખતે છાણ્યુ ખાતર (૨૫ ટન/હે.) /કમ્પોસ્ટ (૧૫ ટન/હે.) જમીનમાં ભેળવવું.<br>• રોપણી પહેલા પાયાનું ખાતર ( નાઈટ્રોજેનના ૧૫ % અને ફોસફોરસ અને પોટાશ ૨૫૦-૧૨૫-૧૨૫ કિગ્રા/હે.) પુરુ આપવું.<br>• રોપણી માટે કુમળૂ અને તંદુરસ્ત તમારી પસંદગીની જાતનું બિયારણ વાપરવું. રોપણી માટે બે લાઇન વચ્ચે ૯૦ થી ૧૨૦ સેમી. અંતર રાખી બે આંખના કટકાને બીજમાવજત આપી (*કાર્બેન્ડાઝિમ* ૫૦ ડબલ્યુ પી ૧ ગ્રા./૧ લીટર પાણી) એક પછી એક કટકા ચાસમાં રહે તે રીતે રોપણી કરવી. એક આંખના રોપનું વાવેતર કરવાનું હોય તો લાઇનમાં બે રોપા વચ્ચે ૪૫ થી ૬૦ સેમી. અંતર રાખી રોપણી કરવી.<br>• રોપણી બાદ પિયત આપી ૩ દિવસમાં *એટ્રાઝીન* ૫૦ ડબલ્યુ પી પ્રી ઈમરજન્સ ૮૦ ગ્રામ./૧૦ લી. પાણી નીંદણનાશક નો છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો.<br>• રોપણી સમયે શેરડીમાં *ટ્રાઈકોડર્મા વિરાઈડનો* ઉપયોગ કરવો. |
| **ચોમાસુ ડાંગર** | **દાણા ભરાવા :**<br>• કાપણીના ૧૦-૧૫ દિવસ પહેલા ક્યારીમાંથી પાણી નિતારી દેવું.<br>• વરસાદ ની સંભાવના ન હોય ત્યારે કાપણી કરવી.<br>• કાપણી કર્યા બાદ સૂર્ય તાપમાં સૂકવી દાણા છૂટા પાડવા અને દાણાનો ભેજ ઓછો થાય ત્યાં સુધી તપાવી સંગ્રહ કરવો.<br>• કાપણી બાદ તુરંત જમીન ખેડીએ રબી પાક માટે તૈયાર કરવી. |
| **શીયાળુ કઠોળ** | **જમીન તૈયારી/વાવણી :**<br>• શીયાળુ કઠોળના વાવેતર માટે ચોમાસુ પાક કાપ્યા બાદ યોગ્ય ભેજ સમયે જમીન તૈયાર કરવી.<br>• શીયાળુ કઠોળના જેવા કે વાલ,પાપડી, ચણા, મગ (સીઓ -૪) ની વાવણી યોગ્ય સમયે કરવીઈ<br>• જરૂરી બિયારણની સુધારેલ જાત મેળવી લેવી.<br>• પાયાનું ભલામણ મુજબ ખાતર આપવું (૨૪-૪૦-૦ ના-ફો-પો કિગ્રા/હે.).<br>• પાક નીંદણ મુક્ત રાખવું. આ માટે જરૂરી જણાય તો વાવણી બાદ તૂરંત ભલામણ મુજબની નિંદણનાશક પેંડીમેથિલીન ૧ કિગ્રા/હે. અંદ ૬૦ મિલી./૧૦ લી.) દવાનો જમીન ઉપર છંટકાવ કરવો.<br>• જરૂરિયાત મુજબ પીયત આપવું.<br>• બીજ માવજત થાયરમ ૩ ગ્રા./ કિગ્રા. + રાયઝોબીયમ ૧૦ મિ.લી./કિગ્રા. બીજ થી આપવું. |
| **ચોમાસુ ભીંડા** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવી જોઈએ. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY


| | |
|---|---|
| | • રોગ-જીવાતવાળા અને બગડેલા ફળો દૂર કરવા જોઈએ.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.<br>• ભીંડામાં ભૂકીછારા અને પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ એસિ ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• ખેતરમાંથી પીળી નસના વિષાણુ જાની છોડ ને ઉપાડી નાશ કરો.<br>• રોગનો ફેલાવો સફેદ માખીથી થાતો હોય, શોષક પ્રકારની જંતુ નાશક દવાનો છંટકાવ કરવો. |
| **પરવળ** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી. |
| **ટિંડોળા** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી. |
| **સુરણ** | • નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા. |
| **રતાળુ** | • વેલાની પ્રશાખાઓને ટેકા પર ચઢાવવી.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા. |
| **તાનિયા** | • નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા. |
| **આંબા** | • આંબાના મેઢની ઈયળો થડમાંથી શોધીને મારી નાખો અને કાણાંની અંદર ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મી.લી./૧૦ લી. દ્રાવણ નાંખી કાદવથી કાણાં બંધ કરી દેવા.<br>• આંબાનાં નાના રોપાની જાળવણી માટે ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે.<br>• કપાયેલ ડાળી પર બોર્ડેક્સ પેસ્ટ ૧૦ ટકા લગાડવુ.<br>• આંબાની નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ.<br>• નવી કલમો માટે તૈયાર કરેલ ખાડામાં ૧૦ કિગ્રા. છાણિયું ખાતર, ૧ કિગ્રા. સિંગલ સુપર સલ્ફેટ અને ૧ કિગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ ખાતર આપવું. ઉધઈ અને કીડીનો ઉપદ્રવ કલમોમાં જોવા મળે તો ૫૦ મિલી ક્લોરપાયરીફોસ અથવા ૧૦૦ ગ્રામ મિથાઈલ પેરાથીઓન ની માવજત ખાડા પૂરતી વખતે કરી દેવી.<br>• આંબાવાડીમાં પુખ્ત ઝાડ દિઠ ૧૦૦ કિગ્રા. છાણિયું ખાતર, ૮૦૦ ગ્રામ યુરિયા અથવા ૧.૮ કિગ્રા. અમોનિયમ સલ્ફેટ ૧.૦ કિગ્રા.સિંગલ સુપર સલ્ફેટ અને ૧.૩ કિગ્રા.મ્યુરેટ ઓફ પોટાશ ખાતર ચોમાસામાં આપવું.<br>• આંબાવાડીયામાં રાસાયણિક ખાતર આપ્યાના ૧૫ દિવસ પહેલા અથવા પછી બાયોફર્ટિલાઈઝર જેવા કે એઝોટોબેક્ટર, ૫૦ મિલી., ફોસ્ફેટ સોલ્યુબિલિઝિંગ બેક્ટેરિયા ૫૦ મિલી., પોટાશ મોબિલિઝિંગ બેક્ટેરિયા ૫૦ મિલી. અને ટ્રાયકોડર્મા ૧૦૦ ગ્રામ. પ્રતિ ઝાડ આપવું. |
| **ચીકુ** | • ચીકુનાં નાના રોપાની જાળવણી માટે ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે.<br>• ચીકુની નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ.<br>• નવી કલમો માટે તૈયાર કરેલ ખાડામાં ૧૦ કિગ્રા. છાણિયું ખાતર, ૧ કિગ્રા. સિંગલ સુપર સલ્ફેટ અને ૧ કિગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ ખાતર આપવું.<br>• ઉધઈ અને કીડીનો ઉપદ્રવ કલમોમાં જોવા મળે તો ૫૦ મિલી ક્લોરપાયરીફોસ અથવા ૧૦૦ ગ્રામ મિથાઈલ પેરાથીઓન ની માવજત ખાડા પૂરતી વખતે કરી દેવી.<br>• બીજા ખાતરનો હુપ્તો ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા અથવા યુરિયા ૦.૬ કિગ્રા, સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા, મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા, છાણિયુ ખાતર ૨૫ કિગ્રા આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું. |
| **પશુપાલન** | • પશુઓને ઉચ્ચ ગુણવત્તાવાળું ખનીજક્ષાર મિશ્રણ દૈનિક આપવું જેઈએ. જેની માત્રા પશુચિકિત્સક સલાહ મુજબ અથવા તેનું પૅકિંગ પરના નિર્દેશાનુસાર આપવાનો રહે છે.<br>• પશુઓને તેમની, આયુ, વિકાસ અને ઉત્પાદકતાના આધારે સમતોલ આહાર આપવો, જેમા ગુણવવ્યુક દાણા, લીલોચારો અને સુકાચારાનો સમાવેશ કરવો.<br>• વધુ ઉત્પાદન (દૈનિક ૧૦ લીટરથી વધુ) ધરાવવા પશુઓની રોગ પ્રતિકારક શકિત વધારવા અને પોષક તત્વોની જરૂરીયાત સંતોષી શકાય તે માટે બાયબાસ પ્રોટીન તેમજ સીલેટેડ મિનરલ મિશ્રણ પશુ ચિકિષ્કની સલાહ મુજબ ઉપયોગ કરી શકાય.<br>• ચાફ કટરથી લીલા તથા સૂકા ઘાસચારાને ટુકડા કરીને જ નીરણ કરવું.<br>• દુધાણા પશુઓના આઉને દૂધ દોહન પહેલા અને પછી ઝીંક ઓકસાઈડ અથવા બોરીક પાઉડર અથવા પોટેશીયમ પરમેગેનેટ ના દ્રાવણથી બરાબર સાફ કરવા.<br>• પશુઓનાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો).<br>• પશુઓ જયારે ઈચ્છે ત્યારે પાણી પી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ અથવા ઓછામાં ઓછુ દિવસમાં ચારથી પાંચ વખત જરૂરીયાત મુજબ પાણી પીવડાવવું જોઈએ.<br>• કોઢ/ગમાણની ઉંચાઇ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઈ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે.<br>• ચોમાસાની શરૂઆત થતી હોઈ પશુઓના રહેઠાણમાં વરસાદી પાણીનો ભરાવો ના થાય તે પ્રમાણે |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| | કોઢ/ગમાણના ભોયાતળિયાનો ઢોળાવ અપાવો.<br>• વિષાણુ/જીવાણુ ગ્રસ્ત વધુ પશુ અથવા, અન્ય કોઈપણ બિમાર પશુને બાકીના તંદુરસ્ત પશુઓથી અલગ રાખવાની વ્યવસ્થા કરવી તેમજ તાત્કાલીક સારવાર કરવી<br>• ખુબ વીજળી અને વરસાદના સમયે પશુ વૃક્ષ નીચે બાંધવા નહિ. |
| **વનીકરણ** | • પ્રથમ બને બીજા વર્ષના વાવેતર દરમ્યાનમાં નિંદણ અને સફાય કરવી જોઈએ.<br>• ધરુવાડિયામાં ઉછરેલા સાગના રોપાને સાગ સ્ટેમ્પની તૈયારી માટે ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે.<br>• ખેતરમાંથી વરસાદનું વધારાના પાણીના નિકાલ કરવી. |
| **ફીશરીઝ** | **સામાન્ય સલાહ :**<br>• મીઠા પાણીના મત્સય મીઠા પાણીના જીંગા ઉત્પાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે, આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે.<br>• તળાવમાં પાણીનું લેવલ જાળવવું અને વધુ વરસાદ આવે ત્યારે તળાવના આઉટલેટ થોડી માત્રામાં ખોલવા તેથી પાણીનું લેવલ જળવાયેલું રહે<br>• તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા. |

## ❖ એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. જે. જે. પસ્તાગીયા, પ્રાધ્યાપક અને વડા (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર)
- ડૉ. વાય. એન. ટંડેલ, પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. એમ. બી. ટંડેલ, મદદનીશ પ્રાધ્યાપક અને વડા (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)
- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. બી. એમ. મોટે, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)



# Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Department of Agricultural Engineering
N. M. College of Agriculture
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com


NAVSARI AGRICULTURAL UNIVERSITY

India Meteorological Department

**(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)**

## DATE OF ISSUE: 07/10/2025

## Agromet Advisory Bulletin No: 55/2025 - 2026

## -- Navsari District --

**Weather summary of preceding week (03 October to 07 October - 2025)**

| Sr. No. | Name of Weather Parameters | Value |
|---|---|---|
| 1. | Range of Rainfall (mm) | 0.0-19.0 |
| 2. | Range of Maximum Temperature (°C) | 30.5-31.8 |
| 3. | Range of Minimum Temperature (°C) | 24.0-24.7 |
| 4. | Range of Relative Humidity (%) | 68-99 |
| 5. | Range of Wind Speed (km/hrs) | 2.6-4.2 |
| 6. | Range of Cloud Cover (Okta) | 2-7 |
| 7. | Range of bright sunshine hours (hrs) | 2.7-8.8 |
| 8. | Last five days cumulative rainfall (mm) | 19.0 |
| | **Total Rainfall (mm)** | **1638.0** |

**IMD based Weather forecast for (08 October to 12 October – 2025)**

| Sr. No. | Weathers Parameters | Day – 1 (08/10) | Day - 2 (09/10) | Day - 3 (10/10) | Day - 4 (11/05) | Day - 5 (12/10) |
|---|---|---|---|---|---|---|
| 1. | Rainfall (mm) | 45 | 20 | 12 | 8 | 6 |
| 2. | Maximum temperature (°C) | 31 | 32 | 33 | 34 | 34 |
| 3. | Minimum Temperature (°C) | 25 | 25 | 25 | 24 | 25 |
| 4. | Max. Relative Humidity (%) | 90 | 90 | 80 | 70 | 60 |
| 5. | Min. Relative Humidity (%) | 75 | 75 | 70 | 70 | 65 |
| 6. | Wind Speed (km/hr.) | 6 | 1 | 3 | 5 | 8 |
| 7. | Wind Direction (Compass point) | 191 | 162 | 84 | 67 | 73 |
| 8. | Total Cloud Cover (Okta) | 7 | 6 | 5 | 5 | 5 |

**According to the extended range forecast, below normal rainfall is expected and maximum and minimum temperatures are expected to be below normal and normal till 12th October, 2025 to 18th October, 2025.**

| **Weather Summary/ Alert** | • As per the forecast issued by India Meteorological Department over the next five days, the sky will be cloudy and there are chances of light to medium rainfall at isolated places.<br>• The Maximum temperature is 31 °C to 34 °C, when the Minimum temperature is 24 °C to 25 °C likely to be around.<br>• The humidity in the air is likely to be between 65 and 90 percent.<br>• The wind direction will be South-East with an average speed of 1 to 8 |
|---|---|

# -:: South Gujarat Heavy Rainfall Zone ::-

| | |
|---|---|
| **General Advisory** | • Provide mechanical support to horticultural and vegetable crops during forecast of high wind velocity and heavy rain.<br>• Farmers are advised to carry out different activities of farm as per the weather condition.<br>• Farmers are advised to do the chemical spray and fertilizer application activity as per the weather condition.<br>• Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application:<br>Android users: **https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot**<br>IOS users: **https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**<br>• Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application.<br>Android users: https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>IOS users:https://apps.apple.com/app/id1502385645 |
| **Crop** | **Weather based Agro-Advisory** |
| **Sugarcane** | • In seed plot add Nitrogen (50 kg/ha.) Before one month of seed cutting.<br>**Land preparation for new planting:**<br>• New plantation of sugarcane crop should be done after proper preparation of land at proper moisture condition. Deep plough and level the soil.<br>• Planting should be done from October to February.<br>• Apply FYM (25 t/ha)/ Compost (15 t/ha) at the time of ploughing. Select healthy, diseases-insect free and immature seed materials of your selected variety.<br>• Planting should be done at the spacing of 90 to 120 cm. 2 budded setts should be used with end to end method of planting after setts treatment with fungicide (*Carbendazim 50 wp* @ 1g/1 lit. water). If settling use intra row spacing should be 45 to 60 cm.<br>• Before planting basal dose of fertilizer apply 15 % of Nitrogen and full dose of P & K. (250-125-123 kg N-P-K kg/ha.).<br>• Within 3 days after planting and irrigation, spraying of *Atrazine* 50 WP 80 g/10 li. water. Pre-emergence weedicide should be applied to control weeds in clear weather conditions.<br>• Application of *Trichoderma viride* in rich sugarcane pressmed at time of planting. |
| ***Kharif* Paddy** | **Maturity Stage/Grain filling:**<br>• Drain the water from the kyari 10-15 days prior to the harvesting.<br>• Harvest the crop when there is no possibility of rainfall and sky is clear.<br>• After harvesting properly dry the crop and threshed the grains, also dry the grains to remove moisture before storage.<br>• After harvesting land should be plough immediately for *Rabi* crops. |
| ***Rabi* Pulse crop** | **Land preparation/Sowing:**<br>• After harvesting of kharif crop land should be prepared at proper moisture condition.<br>• Rabi pulses like Indian bean, Gram, Green gram (CO-4) should be sown earliest.<br>• Procure seed of improved varieties.<br>• Basal recommended fertilizer applied (20-40-0 N-P-K Kg/Ha.)<br>• Weeding should be done as per need or apply recommended pre emergence weedicide. (Pendimethilin 1 kg/ha; 60 ml./10 lit.).<br>• Apply irrigation as per soil and climatic condition.<br>• Seed treatment with Thiram 3g/kg seed. Rhizobium seed treatment 10 ml/kg seed. |
| ***Kharif* Okra** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit during clear weather condition. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AAU_Navsari


| | |
|---|---|
| | • Discard damaged and diseased fruit.<br>• Weeding should be carried out.<br>• Spraying of Hexaconozole 5 EC @ 10 ml or Carbendazim 50 WP 5 g per 10 Lit of water for control of powdery mildew/leaf spot disease under clear weather condition.<br>• Up root and burn whip yellow vein mosaic infected okra plant from field.<br>• Spraying systemic insecticides for whitefly (vector) management. |
| **Pointed gourd** | • Drainage should be carried out in pointed gourd planted field.<br>• Marketable fruit should be harvested.<br>• If vine is dried due to rain, then remove it. |
| **Little gourd** | • Marketable fruit should be harvested. |
| **Elephant foot yam** | • Take measures for weed control. |
| **Greater yam** | • Take measures for weed control.<br>• Give proper support or train branches of vines. |
| **Tannia** | • Take measures for weed control. |
| **Mango** | • Find grubs of stem borer from gallery and holes on the stem and kill them. Do pouring of Chlorpyriphos 20 EC @ 25 ml/ 10 lit in hole and plug it with mud in clear weather condition under clear weather condition..<br>• Provide support to the young plants of mango to protect against rain and high wind speed.<br>• Application of 10 % Bordeaux paste in cut/pruning branches of fruit tree.<br>• Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation.<br>• Prepare pit for plantation of new grafts by filling 10 kg FYM, 1 kg SSP and 1 kg MOP. Give 50 ml. Chlorpyriphos or 100 g Methyl Parathion to manage termite and ants.<br>• Apply recommended dose of fertilizer per tree @ 800 g Urea or 1.8 kg Ammonium Sulphate, 1.0 kg SSP and 1.3 kg MOP along with 100 kg FYM to adult tree.<br>• In addition RDF, give biofertilizers viz., Azotobactor 50 ml, PSB 50 ml, KMB 50 ml and Trichoderma 100 g per adult tree in monsoon. Before or after 15 days of fertilizer application. |
| **Sapota** | • Provide support to the young plants of Sapota to protect against rain and high wind speed.<br>• Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation.<br>• Prepare pit for plantation of new grafts by filling 10 kg FYM, 1 kg SSP and 1 kg MOP.<br>• Give 50 ml. Chlorpyriphos or 100 g Methyl Parathion to manage termite and ants.<br>• Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition. |
| **Livestock** | • Provide adequate quantity of balanced ration by considering the milk production and maintenance.<br>• Good quality dry roughage with 15-20 kg green fodder provided to the animals, only after chaffing.<br>• Feed silage & hay materials if available.<br>• Before and after milking udder must be properly clean with zinc oxide or boric powder or potassium permanganate solutions.<br>• For the control of tick and other parasites, spray *Deltemethrin* or *Aemitaz* 2 ml in 1 liter of water.<br>• Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity. |
| **Forestry** | • Weeding and cleaning should be done during first and second year plantations.<br>• The nursery raised teak seedling may be transplanted for teak stamp preparation for further filed planting. |
| **Fisheries** | • Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable.<br>• Increase water depth and maintain water level through pond outlet. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

| | |
|---|---|
| | • Mixing the top and bottom water by using the aerators or pumps. |

## ❖ Members of Agro-Advisory Committee :

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. J. J. Pastagia, Professor & Head (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology)
- Dr. Y. N. Tandel, Professor (Fruit Science)
- Dr. M. B. Tandel, Assistant Professor (Forestry) & I/C Head (SAF) (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. B. M. Mote, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS)




कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

# હવામાન આગાહી

| વિગત | તારીખ | ડાંગ | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| વરસાદની શ્રેણી (મી.મી.) | ૦૮/૧૦/૨૦૨૫ | ૨૫ | ૪૫ | ૬૦ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૧૦ | ૨૦ | ૨૦ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૮ | ૧૨ | ૧૫ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૭ | ૮ | ૧૦ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૬ | ૬ | ૮ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૦૮/૧૦/૨૦૨૫ | ૩૦ | ૩૧ | ૩૧ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૩૧ | ૩૨ | ૩૨ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૩૧ | ૩૩ | ૩૩ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૩૨ | ૩૪ | ૩૪ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૩૨ | ૩૪ | ૩૪ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૦૮/૧૦/૨૦૨૫ | ૨૩ | ૨૫ | ૨૫ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૨૩ | ૨૫ | ૨૫ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૨૪ | ૨૫ | ૨૫ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૨૪ | ૨૪ | ૨૪ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૨૪ | ૨૫ | ૨૫ |
| મહત્તમ ભેજ (%) | ૦૮/૧૦/૨૦૨૫ | ૧૦૦ | ૯૦ | ૯૦ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૯૫ | ૯૦ | ૯૦ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૭૫ | ૮૦ | ૮૦ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૭૦ | ૭૦ | ૭૦ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૬૦ | ૬૦ | ૬૦ |
| લઘુત્તમ ભેજ (%) | ૦૮/૧૦/૨૦૨૫ | ૮૦ | ૭૫ | ૭૫ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૭૦ | ૭૫ | ૭૫ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૬૦ | ૭૦ | ૭૦ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૬૦ | ૭૦ | ૭૦ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૫૫ | ૬૫ | ૬૫ |
| પવનની ગતિ(કિ.મી./કલાક) | ૦૮/૧૦/૨૦૨૫ | ૫ | ૬ | ૬ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૪ | ૧ | ૩ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૪ | ૩ | ૪ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૬ | ૫ | ૫ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૭ | ૮ | ૮ |
| પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૦૮/૧૦/૨૦૨૫ | E | S | S |
| | ૦૯/૧૦/૨૦૨૫ | SE | S | SE |
| | ૧૦/૧૦/૨૦૨૫ | SE | E | E |
| | ૧૧/૧૦/૨૦૨૫ | E | NE | E |
| | ૧૨/૧૦/૨૦૨૫ | E | E | N |
| વાદળની સ્થિતિ (ઓકટા) | ૦૮/૧૦/૨૦૨૫ | ૭ | ૭ | ૭ |
| | ૦૯/૧૦/૨૦૨૫ | ૬ | ૬ | ૬ |
| | ૧૦/૧૦/૨૦૨૫ | ૫ | ૫ | ૫ |
| | ૧૧/૧૦/૨૦૨૫ | ૫ | ૫ | ૫ |
| | ૧૨/૧૦/૨૦૨૫ | ૫ | ૫ | ૫ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari